નેશનલ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં – ૦૬૪૫ | ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં – ઈ/૯૩૫ | વિકલાંગ ધારા રજીસ્ટ્રેશન નં – ૧૮૦

# શ્રીરાજસોભાગ સત્સંગ મંડળ સાયલા

## સંચાલિત

# આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ, સાયલા




આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ, સાયલા

ઠે.પોલીસ સ્ટેશનની પાછળ, નેશનલ હાઈવે ચાર રસ્તા

મુ.તાઃ સાયલા, જી.સુરેન્દ્રનગર પીનઃ૩૬૩૪૩૦

ફોનઃ(૦૨૭૫૫) ૨૮૧ ૧૮૫

ફેકસ નં :(૦૨૭૫૫) ૨૮૧ ૧૮૪

ઈમેઈલઃ atfdsayla@sancharnet.in

વેબ : www.ashirwadsayla.org

# ટ્રસ્ટીગણ


પ્રમુખઃ– શ્રી જયંતિભાઈ સી.શાહ
ઉપ પ્રમુખઃ– શ્રી ડો.ભુષણ પુનાની
ઉપ પ્રમુખઃ– શ્રી વિક્રમભાઈ.વી.શાહ
શ્રી વિનાયકભાઈ.કે.શાહ
શ્રી ભુપતલાલ.એમ.શેઠ
શ્રી અખિલ.એસ.પોલ

મંત્રીઃ– શ્રી વિમલબેન થવાની
ખજાનચીઃ– શ્રીમતી નંદિનીબેન રાવલ
શ્રી લક્ષ્મીકાંત એન.જસાણી
શ્રી ફુટરમલભાઈ પોરવાલ
શ્રી રામભાઈ.એસ.જાદવ
શ્રી રોહિતભાઈ.વી.શાહ


આર.એસ.જાદવ–માનદ્ પ્રોગ્રામ મેનેજર
અંજના આચાર્ય– કો–ઓર્ડિનેટર
સુરસંગ રાઠોડ– કો–ઓર્ડિનેટર

ચાર્ટડ એકાઉન્ટન્ટઃ- મિતેષ પી.વોરા

મુખ્ય બેન્કઃ- સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, સાયલા. બેન્ક ઓફ ઈન્ડિયા,સુરેન્દ્રનગર


**ભાવિ ચિત્ર નિરૂપણઃ** બધા જ પ્રકાર ના વિકલાંગજનોને તેઓના અધિકારની વ્યકિતગત જરૂરિયાત આધારિત સેવાઓ પુરી પાડવા અને તેઓના કાર્યને ઉતેજન આપવા તેમજ તેઓના જીવનની ગુણવતા સમૃધ્ધ કરવા આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ સ્થિરતાથી સતત કાર્ય કરતું રહેશે.

**કર્તવ્ય ધ્યેય (મિશન):** યથાયોગ્ય શિક્ષણ,તાલીમ અને હિમાયતકરણ પૂરા પાડવા તાલીમબધ્ધ કર્મચારીગણ અને સંભાળ રાખનારાઓની મદદ અને કાર્યથી વિકલાંગજનોને સશકિતકરણ અને રોજગારી,માનવ સંશાધન,વિકાસ અને અન્ય નવસર્જીત વિચાર દ્રારા વિકલાંગ બનાવનારી સ્થિતિઓનું નિવારણ,ઉપાય અને વિકલાંગતા ઘટાડવાના પગલા લેશે. આ તમામ કાર્ય કુટુંબ અને સમુદાયના સહકારથી હાથ ધરવામાં આવશે.



આશીર્વાદ એટલે અખૂટ ધીરજ અને પૂર્ણ વાત્સલ્ય નું મંદિર. જયાં વિકલાંગતા સાથેના જીવનને તક આપીને સમર્થ બનાવવામાં આવે છે. વિપરીત સંજોગો મધ્યે કરૂણા કે દયાની લાચારી નહિ પણ હિંમત અને શૌર્યથી લડવાની શકિત પ્રાપ્ત થાય છે.

આપ સહુ પ્રેમ અને કર્તવ્ય નિષ્ઠા દ્વારા સાચી સેવાથી સમાજના આ દુર્ભાગ્ય આત્માઓની સંભાળ લઈ રહયા છો તે જોઈ અત્યંત સંતોષ અનુભવું છું. શ્રી જાદવભાઈ તથા તમામ કાર્યકરોને અભિનંદન. મારા અંતરના શુભાશિષ છે કે આ સેવાકીય પ્રવૃતિ ગુજરાત સુધી માર્યાદિત ન રહેતા દૂર દૂરના પ્રદેશો સુધી અને અનેક આત્મા ઓની આધ્યાત્મિક હૃદય વડે કાળજી લેવાય.

લિ.
નલીન કોઠારીના
આત્મભાવે વંદન.
શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ-સાયલા.

# આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ ની પ્રવૃતિ

- બહુવિકલાંગ બાળકોનું ક્ષમતા કેન્દ્ર લીંબડી → ફિઝિયોથેરાપી વિભાગ → વ્યવસાયલક્ષી તાલીમ
- આશીર્વાદ ડે કેર સેન્ટર સાયલા → એસ્પીરેશન ડે કેર સેન્ટર → ફિઝિયોથેરાપી વિભાગ → વ્યવસાયલક્ષી તાલીમ
- સમુદાય આધારિત પુનઃવર્સન → સી.બી.એમ ઓસેડ કો.ફંડીગ પ્રોજેક્ટ → સી.બી.આર.બધિરાંધ પ્રોજેક્ટ → અષ્ટાવક્ર પ્રોજેક્ટ
- ઉપાસના વિકલાંગ પુનઃસ્થાપન કેન્દ્ર જોરાવરનગર → ફિઝિયોથેરાપી વિભાગ → વ્યવસાયલક્ષી તાલીમ

- માનવ સંશાધન તાલીમ
- સાધન સહાય
- માનસિક આરોગ્ય કાર્યક્રમ

## બહુવિકલાંગ બાળકોનું ક્ષમતા કેન્દ્ર લીંબડી

## આશીર્વાદ ડે કેર સેન્ટર સાયલા

## ઉપાસના વિકલાંગ પુનઃસ્થાપન કેન્દ્ર જોરાવરનગર

મંદબુદ્ધિ,મગજનો લકવો,બહુવિકલાંગ,બધિરાંધ, દ્રષ્ટિક્ષતિ,વાણી ભાષામાં સમસ્યા,શ્રવણક્ષતિ, અસ્થિવિષયક જેવી ક્ષતિ ધરાવતા બાળકોની ક્રિયાત્મક ચકાસણી,નિષ્ણાંત ડોકટરો દ્વારા તપાસ કરાવી જરૂરી દવા સાધનો અને કસરતની સેવા, તાલીમ પામેલ અને અનુભવી શિક્ષકો દ્વારા દૈનિક ક્રિયાઓ તેમજ બાળકની ક્ષમતા મુજબ,તાલીમ અને વાલીઓને માર્ગદર્શન આપી બાળકોને શૈક્ષણીક પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને રમત ગમતના ક્ષેત્રે આગવુ સ્થાન અપાવવાનુ કાર્ય સમુદાયના સહયોગથી થઇ રહ્યું છે. ઉપરોકત 3 સેન્ટરમાં 816 બાળકોએ લાભ મેળવ્યો છે.



















# ફિઝિયોથેરાપી સેવાઓ







મગજનો લકવો(સી.પી),બહુવિકલાંગતા,જન્મજાત ક્લબ ફુટ પોલીયો,બોર્ન ટી.બી,હલન ચલનને લગતી ક્ષતિ ધરાવતા બાળકોને તેમજ પેરેલીસીસ,અકસ્માતમાં હાડકાની સર્જરી,સાંધાનો દુઃખાવાની સમસ્યા ધરાવતા વ્યકિતઓને ડોકટરની ભલામણ મુજબ કસરતની સેવા વિના મૂલ્યે પુરી પાડવામા આવે છે.તેમજ દાતાશ્રીના સહયોગથી ફિઝિયોથેરાપી કેમ્પ યોજી ડોકટરની સલાહ મુજબ કમરપટ્ટા,ગરદન પટ્ટા,ઢીંચણ પટ્ટા,અને કેલ્શિયમની ગોળીઓ વિનામુલ્યે આપવામાંઆવે છે આ સેવાનો લાભ સાયલા,લીંબડી,જોરાવરનગરમાં 377 બાળકો તથા 1186 વ્યકિતઓએ લાભ લીધો.














# વ્યવસાયલક્ષી તાલીમ સેન્ટર



આશીર્વાદ ડે કેર સેન્ટર સાયલા,ક્ષમતા કેન્દ્ર લીબડી, ઉપાસના બહુવિકલાંગ પુનઃસ્થાપન કેન્દ્ર જોરાવનગરમાં 14 વર્ષથી ઉપરના દરેક પ્રકારના વિકલાંગજનોને સિલાઈકામ,મોબાઈલ રીપેરીંગ,બ્યુટીપાર્લર,ભરતકામ, મોતીકામ,ઘર શુશોભન આઈટમ,વેસ્ટમાંથી બેસ્ટ અને સીઝન અનુરૂપ વસ્તુ બનાવવી દા.ત.દિવાળીમાં કોડીયાકામ, જવેલરીકામ વગેરેની તાલીમ આપી વ્યકિતઓને સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવવામાંઆવે છે. 575 ઉપરોકત સેવાઓનો લાભ લઈ રહયા છે.























# બધિરાંધ પ્રોજેક્ટ

સમુદાય આધારિત પુનઃવસ'ન યોજના સુરેન્દનગર જીલ્લામાં અંધજન મંડળ અને સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયાના સહયોગથી ૨૭ બધિરાંધ વ્યકિતની ઓળખ કરી ક્રિયાત્મક તથા વૈધકીય તપાસ,દવા,કસરત,દૈનિક વ્યવહારિક જ્ઞાનની તાલીમ સાંકેતિક ભાષા દ્વારા ઘેર બેઠા આપવામાં આવે છે.



















# નેશનલ ટ્રસ્ટ

નેશનલ ટ્રસ્ટ એસ્પીરેશન ડે કેર સેન્ટરમાં મંદબુધ્ધિ,સેરેબ્રલ પાલ્સી, ઓટીઝમ,બહુ વિકલાંગતા ધરાવતા ૦ થી ૬ વર્ષની ઉંમરના ૫૧ બાળકોની વહેલી ઓળખ કરી નિષ્ણાત ડોકટર દ્વારા નિદાન અને તાલીમ પામેલ સ્ટાફ દ્વારા સારવાર, કસરત તથા તાલીમ અને વાલીને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.





નેશનલ ટ્રસ્ટ અંતર્ગત જનજાગુતિ માટે બઢતે કદમ કાર્યક્રમ,વાલી મીટીંગ,રાત્રીશો જેવા કાર્યક્રમો યોજી સમાજમાં આ બાળકોને સ્વીકુત કરાવવા.જીલ્લા કક્ષાએ લોકલ લેવલ કમિટી યોજી વિકલાંગ વ્યકિતઓના હક અને તકની માહિતી પુરી પાડવા માટે કાર્યરત છે.
















# એમ.આઈ.પ્રોજેકટ













માનસિક બિમારી ધરાવતી વ્યકિતઓની સંકલિત સામુદાયીક પુનઃ વર્સન યોજના અંધજન મંડળ વસ્ત્રાપુર, અમદાવાદ અને મેન્ટલ હેલ્થ સેલના સહયોગથી સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ, લીંબડી, સાયલા, ચુડા અને ચોટીલા તાલુકામાં માનસિક બિમારી ધરાવતી ક્ષપ× વ્યકિતઓની ઓળખ કરી, તબિબિ તપાસ કરાવી મેડીકલ સર્ટીફિકેટ કરાવવામાં આવે છે અને જરૂરીયાત મુજબ સિવીલ હોસ્પિટલ સુરેન્દ્રનગર અને લીબડી દ્વારા દર મહીને દવા પુરી પાડવામાં આવે છે. વધારે તકલીફ ધરાવતા વ્યકિતઓને મેન્ટલ હોસ્પિટલ અમદાવાદમાં સારવાર આપવામાં આવે છે. તેમજ સંસ્થાના કાર્યકર દ્વારા સામાજીક અને આર્થિક પુનઃવર્સનની તાલીમ ઘેર બેઠા આપવામાં આવેછે.









# સી.બી.આર.પ્રોજેક્ટ







સરકારશ્રીના સહયોગથી શ્રી મહર્ષિ અષ્ટાવક્ર સમુદાય આધારીત પુનઃસ્થાપન યોજના અંતર્ગત તાલીમ પામેલ વર્કરો દ્વારા વઢવાણ તાલુકામાં 2924 વિકલાંગ વ્યકિતઓ અને સાયલા તાલુકામાં 2223 વિકલાંગોનું સર્વેક્ષણ કરી વૈધકીય તપાસ જનજાગૃતિ ના કાર્યક્રમો અને શૈક્ષણિક, સામાજીક, આર્થિક પુનવર્સન તેમજ સરકારશ્રી ની જુદી-જુદી સહાયક સેવાઓનો ઘેર બેઠા લાભ અપાવ્યો.














# સી.બી.એમ ઓસેડ કો–ફડીગ પ્રોજેકટ

અંધજન મંડળ વસ્ત્રાપુર,અમદાવાદ અને સી.બી.એમ ઓસેડ
કો.ફડીગના સહકારથી સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા તાલુકાના
2223 વિવિધ વિકલાંગતા ગ્રસ્ત વ્યકિતઓની ઓળખ કરી,
વિકલાંગ વ્યકિતઓને વિકાસના દરેક ક્ષેત્રે સમાન તક અને
ભાગીદારીની જાગૃતિ લાવી. વિકલાંગ વ્યકિતઓનુ સશકિતકરણ,
વિકલાંગતાની રોકથામ અને વિકલાંગ વ્યકિતઓને રોજગાર શિક્ષણ
અને સામાજીક સંરક્ષણની સેવાઓ પુરી પાડતી યોજના















# સાધન સહાય

દાતાશ્રી, સરકારશ્રી અને અન્ય યોજના અંતર્ગત વિકલાંગોને સંસ્થામાં અને ગુજરાતની જુદી જુદી જગ્યા જઈ વિકલાંગોનુ સર્વેક્ષણ અને નિદાન કરી તેમની જરૂરીયાત મુજબ ટ્રાયસિકલ, વ્હીલચેર,સી.પી.ચેર,કેલીપર્સ,ઘોડી,હિયરીંગ એઈડ,સ્ટીક,વોકર, શૈક્ષણીક કિટ,સર્જીકલ શુઝ,કૃત્રિમ હાથ–પગનું વિતરણ કરવામાંઆવે છે.

| | | | |
|---|---|---|---|
| નવસારી | 868 | 559 | ડીસા 1 |
| સાયલા | 474 | 424 | ડીસા2 |
| ગાગોદર | 825 | 557 | દાંતા |
| મહેસાણા | 809 | 101 | ચોટીલા |
| ભુજ | 726 | 424 | મોરબી |
| સર્વ શિક્ષા અભિયાન મિશન | 7307 | 1920 | અન્ય યોજના તથા સંસ્થા |
| ટોટલ | 14994 | | |
















# માનવ સશાધન તાલીમ

- સી.બી.આર.તાલીમાર્થી — 507
- આંગણવાડી વર્કર — 254
- હેલ્થ વર્કર તાલીમ — 919
- રીસોર્સ ટીચર તાલીમ — 168
- પંચાયતીરાજ સભ્ય તાલીમ — 167
- વાલી તાલીમ — 627
- પ્રાથમિક,માધ્યમિક શિક્ષક — 2151
- ફિઝિયોથેરાપી વિદ્યાર્થી — 36
- સાઈટ સેવર વર્કર — 303
- અન્ય કોલેજોના વિદ્યાર્થી — 144
- વિકલાંગ લીડર તાલીમ — 77
- અન્ય — 748

**કુલ — 6101**














## -:અમારા સેન્ટરઃ-

**બહુ વિકલાંગ બાળકો નું ક્ષમતા કેન્દ્ર**
લીંબડી જી.સુરેન્દ્રનગર
ડો.મેર સાહેબ ના દવાખાના પાસે,
શ્રધ્ધા વિદ્યાલય ની બાજુ માં
ટે.૦૨૭૫૩ ૨૨૯૨૨૫૫

**ઉપાસના પુનઃસ્થાપન કેન્દ્ર**
સુરેન્દ્રનગર જી.સુરેન્દ્રનગર
જવાહર ગ્રાઉન્ડ પાછળ, હોમ ગાર્ડ
ઓફિસની બાજુમાં, કૃષ્ણનગર રોડ,
ટે.૦૨૭૫૫ ૨૮૧૧૮૫